**ફોજદારી કેસ નં. ૩૫૧૪૧/૨૨**

અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કેસ હાલનાં આરોપી સામે ફરીયાદીએ મોટર વ્હીકલ એક્ટની જોગવાઇનાં ભંગ બદલ દાખલ કરેલ છે. આરોપી સામે કેસ દાખલ થતા સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતા હોવાનુ જણાવેલ છે કે, ભવિષ્યમાં આવો કોઇ ગુનો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યકિત છે અને પોતાની રોજગારી માટે વાહન લઇ જવુ ચલાવવુ જરૂરી હતુ. તે દરમ્યાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઇનો ભંગ થયેલ છે. પોતાને અગાઉ કોઇ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઇ ગુનો કરેલ નથી. પોતાના ઉપર કુટુંબની જવાબદારી છે. ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે. તથા ભયની લાગણી અનુભવે છે. પોતાને ભુલ સમજાઇ ગઇ છે. પોલીસે તેનુ વાહન ડીટેઇન કર્યુ ત્યારથી તેઓની કસ્ટડીમાં છે તે દરમ્યાન પોતે રોજગારી ગુમાવેલ છે. ભવિષ્યમાં આવી ભુલ નહી કરે અને ટ્રાફિકનાં કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ છે કે આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઇ સજા કે દંડ નહી કરતા સુધારવા તક આપવામાં આવે.

આરોપીની રજુઆત સાંભળી કેસ હકીકત ધ્યાને લીધી.આરોપીએ મોટર વ્હીકલ એક્ટની જે જોગવાઇઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી. કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એક્ટમાં ઘણા બધા સુધારા કરી દંડની રકમમાં વધારો કરેલ છે અને તેની પાછળનું કારણ લોકો ટ્રાફીકનાં નિયમો અને કાયદાની જોગવાઇ અનુસરે તે છે. આ ઉપરાંત ત્યારબાદ ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતનાં લોકોની આર્થિક સ્થિતી તથા સામાજીક અને ભોગોલિક પરિસ્થિતિ તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમાં રાખી જે ગુના માંડવાળ થવા પાત્ર હતા તેવામાં માંડવાળની રકમ નક્કી કરેલ છે, જે રકમો તથા મુળ કાયદાકીય દંડની રકમ વચ્ચેનો તફાવત જોઇએ તો પણ તે બાબત સ્પષ્ટ થાય છે કે, ગુજરાત સરકારે લોકોની આર્થિક પરિસ્થિતિ વિગેરે ધ્યાને લઇ, લોકોમાં કાયદાનો અભિગમ વધે અને માંડવાળની રકમ ચુકવી જે જાગૃતતા આવે તે રીતે દંડાત્મક ઉપરાંત સુધારાત્મક અભિગમથી પરિણામ આવે તેવા પ્રયત્ન કર્યાનું જણાય છે. આ સંજોગોમાં એ હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે. આરોપીએ ગુનો કબુલ કરતા દોષિત ઠરાવવામાં આવે છે. આ માટે તેને કેટલી સજા કરવી તેના નિર્ણય માટે આરોપીની રજુઆત, ગુનાનો પ્રકાર, સજાની જોગવાઇ, ગુજરાત સરકારે માંડવાળ માટે કરેલ જોગવાઇ તેમજ આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેવી જોઇએ. આ હકીકત ધ્યાને લેતા આરોપી સામેનાં ગુનાનો આરોપ, આર્થિક વ્યવહારો બાબતે કે સામાજીક કે નૈતિક અધઃપતન અંગેનો ગુનો નથી પરંતુ સમાજ વ્યવસ્થા અને લોકો તથા પોતાની સલામતી માટેનો કાયદાની જોગવાઇનાં ભંગ અંગે છે. આરોપીને પ્રોબેશન અંગે તક આપી સુધારાત્મક અભિગમ માટે વિચારી શકાય.

આરોપીની રજુઆત છે કે તેની સામે વાહનનો વિમો ન હોવા અંગેનો જે આરોપ હતો તે માટે તેણે વાહનની વિમા પોલીસી આજરોજ રૂા.૮૪૦૩/-નું પ્રિમયમ ભરી લઇ લીધેલ છે અને ભવિષ્યમાં આવી ભુલ નહિ કરે. જેથી માફ કરવામાં આવે. આરોપીએ જે રજુઆત કરી છે તે જોતા તથા તેની સામેના ગુનાની હકીકત ધ્યાને રાખી, ગુજરાત સરકારશ્રીએ કરેલ માંડવાળ જોગવાઇ લક્ષમાં લેતા, આરોપી સામે એમ.વી.એક્ટની કલમ-૧૨૨, ૧૭૭ તથા ૧૯૦(૨)અંગે નો પાર્કિંગ મા વાહન રાખવાનો તથા પી.યુ.સી. નહિ હોવાનો પણ આરોપ છે. આ કામે લઘુતમ દંડની જોગવાઇ નથી ત્યારે આરોપીને મહત્તમ નહી પરંતુ વ્યાજબી દંડ કરવામાં આવે અને તે રીતે પોતાની ભુલનો અહેસાસ થાય અને ગુનાની સજા મળી રહે તેવો વ્યાજબી દંડ કરવામાં આવે તો સુધારવાની તક મળી રહેશે. આ સંજોગોમાં મહત્તમ જોગવાઇ કરતા ઓછો અને ન્યાયિક દંડ કરવો યોગ્ય જણાય છે. જેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આ કામનાં આરોપીને મોટર વ્હીકલ એક્ટની કલમ **-૧૪૬, ૧૯૬,૧૯૦(૨),૧૨૨,૧૭૭** મુજબનાં ગુના અંગે દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીએ વિમો લઇ લીધેલ હોય, જેથી એમ.વી.એક્ટની કલમ-૧૯૬ નાં ગુન્હા અંગે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ-૩ મુજબ ઠપકો આપવામાં આવે છે તથા કલમ-૧૨૨, ૧૭૭, ૧૯૦(૨) ગુના અંગે આરોપીને કુલ **રૂા.૪૦૦/-(અંકે રૂપિયા ચાર સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. આરોપીએ દંડની રકમ ભરવામાં કસુર કર્યેથી **દિવસ-૦૨** ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

અમદાવાદ.
**તા.૦૫/૦૪/૨૦૨૨**

**(આર.બી. ઇટાલીયા)**
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
**કોર્ટ નં.૧૬,અમદાવાદ.**
**જી.જે.૦૦૮૨૪**